આકાશવાણી-ભુજ

સમાચાર વાચક :- કલ્પના શાહ

કોમ્પ્યુટર રાઈઝ - શિવરામ ચૌધરી (પટેલ)

તારખ:-04-10-2023 સમય:-સાજે ૬.૨૫ કલાકે

---

## બેટી બચાવો, બેટી પઢાવો – કલેકટરની સમીક્ષા બેઠક

કલેકટરશ્રીએ પોલીસ સ્ટેશન બેઇઝડ સ્પોટ સેન્ટર, સખી વન સ્ટોપ સેન્ટર, ડીસ્ટ્રીકટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન, બેટી બચાઓ, બેટી પઢાઓ વગેરે યોજના હેઠળ થયેલી કામગીરીની વિગતો મેળવી હતી. તેમજ તે અંગે કમિટિના સભ્યો સાથે સંવાદ કરીને આ અંગે માર્ગદર્શન આપ્યું હતું. તો મંજુર થયેલા એકશન પ્લાન અંગેના આયોજન મુદે ચર્ચા કરવામાં આવી હતી.

માહિતીખાતુ

--------------------------------------------------------------------------------

## સામાજિક શૈક્ષણિક પછાતવર્ગના વિધાર્થીઓને શિષ્યવૃતિ

કચ્છ જિલ્લામાં સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવે છે જેમાં વિદ્યાર્થીઓએ ડિજિટલ પોર્ટલ પર અરજી કરવાની રહે છે. ધોરણ એક થી 10ના એક લાખ સતાણુ હજાર આઠસોને અઠ્યાસી વિદ્યાર્થીઓ છે. આ વિદ્યાર્થીઓને 33 કરોડ 44 લાખ 58 હજાર 900 રૂપિયાની રકમ શિષ્યવૃત્તિ પેટે ચૂકવવામાં આવી છે. આ અંગે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી ડોકટર બી.એન. રાઠવાએ વિગતો આપતા આ પ્રમાણે જણાવ્યું હતું.

(બાઇટ : બી.એન. રાઠવા)

પરેશ મારૂ

--------------------------------------------------------------------------------

## ડાયાબીટીસ નિદાન સારવાર સલાહ કેમ્પ

જિલ્લા મથક ભુજની સરકારી આયુર્વેદ હોસ્પિટલ ખાતે આવતીકાલે ૪થી ઓક્ટોબરે મધુમેહ (ડાયાબીટીસ) માટે નિદાન- સારવાર-સલાહ કેમ્પ યોજાશે.

જેમાં મફત બ્લડ સુગર ચેક અપ, ડાયાબિટીસની મફત આયુર્વેદીક/હોમિયોપેથિક ઔષધીય સારવાર, ડાયાબિટીસના દર્દીઓ માટે રોજિંદી (જીવન પદ્ધતિ) તેમજ આહાર-વિહાર અંગેનું માર્ગદર્શન આપવામાં આવશે. આ ઉપરાંત, ડાયાબીટીસને લગતા યોગ અંગેનું માર્ગદર્શન આપવામાં આવશે.

સીનિયર સિટિઝન (૬૦ વર્ષથી ઉપરના) દર્દીઓને ખાસ પ્રકારની સ્વાસ્થ્ય તથા શક્તિવર્ધક ઔષધ આપવામાં આવશે. હરસ-મસા-ભગંદરની તપાસ, નિદાન તથા સારવાર આપવામાં આવશે. તેમ સરકારી આયુર્વેદ હોસ્પિટલ, ભુજ-કચ્છ દ્વારા જણાવાયું છે.

માહિતીખાતુ

---

# સાવચેતી

નવરાત્રીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે કચ્છ અને કચ્છ બહારથી મોટી સંખ્યામાં માઇભક્તો મા આશાપુરાના દર્શનાર્થે માતાના મઢ પગપાળા આવતા હોય છે. આ વખતે સારા વરસાદના પગલે રસ્તા પર અનેક તળાવો, ડેમો ભરેલા છે. ત્યારે કોઇ ડૂબી જવાની ઘટના ના બને તે માટે પદયાત્રીકોએ સાવધાની રાખવાની જરૂર છે. નખત્રાણા તાલુકાના મથલ ડેમમાં માતાનામઢે જતા પદયાત્રીઓ અવાર-નવાર ન્હાવા માટે જતા હોય છે, જેના કારણે ભૂતકાળમાં દુ:ખદ ઘટનાઓ બની ચુકી છે. આ વખતે આગોતરી તૈયારી રૂપે ડેમ પર લોકો કે, પદયાત્રીઓ ન જાય તેની તકેદારી રાખવામાં ગ્રામ લોકો દ્વારા રજૂઆત કરવામાં આવી રહી છે.

પરેશ મારૂ

---

## હવામાનમાં વિષમતા

જિલ્લામાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી વિષમ વાતાવરણનો અનુભવ થઇ રહ્યો છે. કેટલાક સ્થળોએ ઝાકળવર્ષાથી લોકો બેવડી ઋતુનો અનુભવ કરી રહ્યા છે. બપોરના સમયે ગરમી અને રાતના સમયે ઠંડીનો અહેસાસ થઇ રહ્યો છે. મહત્તમ ઉષ્ણતામાનઊંચકાતાં દિવસે આકરા તાપનો અનુભવ થયા પછી લઘુતમ પારો 20 ડિગ્રી સુધી પહોંચતા પરોઢના સમયે વાતાવરણમાં શીતળતાની અનુભૂતિ થઈ રહી છે. હજુ થોડા દિવસ આ જ પ્રકારના વાતાવરણની અનુભૂતિ બાદ તબક્કાવાર રીતે શિયાળાની ધીમી શરૂઆત થશે. જિલ્લામાં વિષમ વાતાવરણના કારણે લોકોમાં બિમારીનું પ્રમાણ પણ વધયું છે.

પરેશ મારૂ

--------------------------------------------------------------------------

## પોસ્ટ ઓફિસને ટેકનોલોજી

કેન્દ્ર સરકાર દ્વારા ભારતીય પોસ્ટ વિભાગની બ્રાન્ચ ઓફિસને આધુનિક કરવાના ભાગરૂપે જિલ્લાની તમામ 434 બ્રાન્ચ ઓફિસને 5-જી ટેક્નોલૉજી ધરાવતા એન્ડ્રોઈડ મોબાઈલ આપવામાં આવ્યા છે. દરેક સબડિવિઝનના હેડક્વાર્ટર ખાતે બ્રાન્ચ ઓફિસ ખાતે ફરજ બજાવી રહેલા બ્રાન્ચ પોસ્ટ માસ્તરને 5-જી મોબાઈલ ફોનની સાથે બાયોમેટ્રિક ડિવાઇસ આપીને રોલઆઉટની કામગીરી તાજેતરમાં કરવામાં આવી હતી. આ નવા ડિવાઇસથી ગ્રામ્ય વિસ્તારની પોસ્ટ ઓફિસનું કામ સરળ તેમજ ઝડપી બનશે. તથા પોસ્ટ ઓફિસની પોતાની હિસાબી કચેરી પરનું પણ અવલંબન ઘટશે.

પરેશ મારૂ

--------------------------------------------------------------------------